# બાળકને સામાજિક કેવી રીતે બનાવશો ?

થોડા સમય પૂર્વે અમદાવાદમાં એક શાળામાં કેટલાક શિક્ષકો ચર્ચા કરવા એકઠા થયા હતા. ચર્ચાનો વિષય હતો બાળકોમાં ઘટતાં જતાં મૂલ્યોના સિંચન માટે શાળા અને ઘર શું કરી શકે ? જેમાં આજનું બાળક સામાજિક ઓછું અને સ્વાર્થી વધુ જોવા મળે છે એવો એક સૂર નીકળ્યો હતો. તે માટે ચર્ચા થઇ જેમાં શિક્ષકોનું માનવું હતું કે, કેટલાંક બાળકો ખૂબ જ સામાજિક હોય છે, જ્યારે કેટલાંક બાળકોમાં સામાજિકતા જેવું - સહકારની ભાવના જેવું કશુંય દેકાતું જ નથી. એકલાં અટૂલા બેહેલા બાળકો કે કોઇને મદદ કરવાની વાત કરીએ ત્યારે તેમના મોઢા પરના નકારાત્મક ભાવ જોઇને દુ:ખ થાય છે. ત્યારે બાળકને સામાજિક બનાવવા માટેના કેટલાક ઉપાયો આ શિક્ષકોએ આપ્યા હતા.

સામાજિકતાનો અર્થ આપતાં શિક્ષકોએ જણાવ્યું હતું કે, પારસ્પરિક સહકારની ભાવના એટલે સામાજિકતા. પોતાની શક્તિ અને ક્ષમતાનો ઉપયોગ અન્ય વ્યક્તિ, સંસ્થા કે સમાજ માટે કરવો એટલે સામાજિકતા. ધ્યેય કે કાર્ય સફળતાપૂર્વક પૂર્ણ થાય તે માટેની જરૂરી મદદ. સમાજના મૂલ્યોનું જતન કરીને સમાજોપયોગી બનવાની ભાવના.

બાળક શાળામાં અને ઘરમાં કેવાં વર્તન કરે તો આપણે તેને સામાજિક કહીશું ? પોતાના સહાધ્યાયીઓને મદદ કરતો હોય. અભ્યાસમાં કે અન્ય બાબતે નબળા વિદ્યાર્થીને મદદ કરતો હોય. જૂથકાર્ય દરમિયાન મદદરૂપ થતો હોય. જૂથમાં કે પ્રવાસ પર્યટન, પ્રાર્થના સંમેલન કે શ્રમકાર્ય દરમિયાન એકબીજા સાથે હળીમળીને રહેવાની કામ કરવાની ભાવના હોય. શાળામાં રીસેસ દરમિયાન સમૂહમાં નાસ્તો કરે, મિત્રોમાં વધુ પ્રિય હોય. ઘરમાં વાલી અને ભાઇ-બહેનને મદદરૂપ થતો હોય. મહેમાનોને આવકાર આપે યોગ્ય રીતે વાતચીત કરે. ઘરમાં કોઇ બિમાર હોય ત્યારે તેની ભૂમિકા અદા કરે. સમાજમાં યોજાતા કાર્યક્રમોમાં ભાગ લે. જાહેરમાં સામાજિક કાર્ય કરવા શરમ સંકોચ ન અનુભવે. પડોશી સાથે યોગ્ય વર્તન વ્યવહાર અને મદદ કરવાની વૃત્તિ હોય. બિમાર પશુ-પંખીને મદદરૂપ થાય. કુદરતી આપત્તિ સમયે પોતાની ભૂમિકા અદા કરે જેમકે, ફાળો એકત્ર કરવો, કપડાં કે જરૂરી ચીજવસ્તુ એકત્ર કરવાં, શારીરિક મદદ કરવી વગેરે.

શાળા કે ઘરમાં ચોક્કસ પ્રકારના સૂત્રો વારંવાર બોલવામાં આવે કે બાળક વાંચી શકે તેમ લખવામાં આવે તો પણ બાળક સામાજિક બનશે. જેમકે, જગ સુખી તો હું સુખી. વિના સહકાર, નહીં ઉદ્ધાર. ઝાઝા હાથ રળિયામણા. પહેલાં ફરજ, પછી હક્ક. સહકાર સૌને ગમે. હું હંમેશાં બીજાને મદદ કરતો રહીને મારા જન્મને સાર્થક બનાવીશ. બાળકને સામાજિક બનાવવા તેની સમક્ષ કેટલાક ઉદાહરણો પણ વારંવાર રજૂ કરવા જોઇએ કે જેમાંથી તે પ્રેરણા લે. જેમકે, ગાંધીજી, સરદાર વલ્લભભાઇ, રાજા રામમોહનરાય, વિનોબા ભાવે, રવિંકર મહારાજ વગેરેના જીવનના અનેક પ્રસંગો છે. ઉપરાંત આપણી આસપાસના વિસ્તારમાં અનેક સામાજિક સેવાકાર્ય કરતી સંસ્થાઓ છે તેના ઉદાહરણ આપી શકાય તેમજ તેની મુલાકાત પણ લઇ શકાય. આપણા પરિચિતો દ્વારા કોઇ સામાજિક સારું કાર્ય થયું હોય તો તેના ઉદાહરણોની મોટી અસર થશે.

બાળકને સામાજિક બનાવવા માટે શાળામાં અનેક પ્રવૃત્તિઓ કરી શકાય. જેમકે શાળામાં સમાજ સેવા સમિતિ બનાવવી. જે સામાજિક કાર્યો વિદ્યાર્થીની મદદથી જ કરે. આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓ માટે ભંડોળ એકત્ર કરવું. જરૂરિયાતમંદ બાળકોને પુસ્તકો, ગણવેશ મળી રહે તેવા પ્રયત્નો કરવા.

શાળામાં સામાજિક કાર્યકરોને આમંત્રણ આપવું. કુદરતી આપત્તિ સમયે જરૂરી મદદરૂપ થવા શક્ય હોય તો વિદ્યાર્થીને સાથે રાખીને જવું. સામાજિક કાર્ય કરતા વિદ્યાર્થીનું જાહેરમાં સન્માન કરવું. શિક્ષકે પોતાના અધ્યાપન દરમિયાન સામાજિક પ્રવૃત્તિઓ અને વ્યક્તિઓના યથા યોગ્ય ઉદાહરણો આપવા. શિક્ષકે પણ અવારનવાર સામાજિક કાર્યક્રમોમાં જોડાવું અને શાળામાં તેનો ઉલ્લેખ કરવો. વાલી સાથે પૂરા આદરથી વાતચીત કરવી અને શક્ય મદદ કરવી. બાળકને સામાજિક બનાવવા માટે વાલીનો સહયોગ પ્રાપ્ત કરવાના પ્રયત્નો કરવા. શાળામાં વિદ્યાર્થીઓ એકબીજાની વધુ નજીક આવે, એકબીજાને મદદરૂપ તાય તેવા સામૂહિક કાર્યક્રમો ગોઠવવા. શિક્ષોએ પોતાના વર્તન વ્યવહારથી બાળકોમાં ઉદાહરણ બેસાડવા.

શાળા અને શિક્ષકના પ્રયત્નો ત્યાં સુધી અધૂરાં રહેશે જ્યાં સુધી વાલીનો સહકાર નહીં મળે. માટે જ વાલીએ પણ બાળકને સામાજિક બનાવવાના કેટલાંક કાર્યો ઇરાદાપૂર્વક કરવા પડશે. જેમકે, ઘરમાં દરેક સભ્ય એકબીજા સાથે યોગ્ય વર્તન કરે અને પોતાની લાગણી પ્રદર્શિત કરે તે માટેના પ્રયત્નો. ઘર કે પડોશમાં જ્યારે પણ અન્યને મદદરૂપ થઇ શકાય તેમ હોય ત્યારે તે કામ અવશ્ય કરવું જ. પડોશીઓ અને સગાં સાથે યોગ્ય નમ્રતાપૂર્ણ વ્યવહાર કરવો અને જરૂર પડે ત્યારે દોડી જવું. પોતાનું બાળક સામાજિક પ્રવૃત્તિઓમાં જોડાય તે માટે પ્રોત્સાહન આપવું અને બાળક જ્યારે સામાજિક કાર્ય કરે ત્યારે તેના વખાણ કરવા, અન્ય વ્યક્તિની હાજરીમાં પણ વખાણ કરવા. આપણી આસપાસ આવેલી સામાજિક સંસ્થાની મુલાકાત બાળકને સાથે રાખીને અવારનવાર લેવી. સમાજમાં જરૂર પડે ત્યારે મદદ માટે જવું શક્ય હોય તો બાળકને સાથે રાખવો અથવા તેને સમગ્ર કાર્યની વાત કરવી. આપણાં પરિચિતોને ત્યાં આવતા પ્રસંગોમાં જરૂરી મદદ કરવી અને બાળકને પણ તેની ઉંમર પ્રમાણેના કામ સોંપવા. સ્વાર્થ અને સહકારમાં ક્યાં નુકસાન છે અને ક્યાં ફાયદો છે તે સમજાવવું.જીવનમાં આગળ વધવા અને વધારવા સહકાર એક અગત્યનું પરિબળ બની શકે તે સમજાવવું. ઘરમાં બાળકને સામજિક કાર્યો કરવાનો સમય મળી રહે તેવું આયોજન કરવું.

શાળાએ પણ વાલીને અવારનવાર શાળામાં બોલાવીને વાલી મિટિંગ કરવી. જેમાં તેમના બાળકના સર્વાંગી વિકાસ માટે કેવા પ્રયત્નો શાળા કરી રહી છે તે જણાવવું અને સાથે તેમનો સહકાર માંગવો. ઉપરાંત શાળાને મદદરૂપ થઇ શકે તેવા વાલીનો સહકાર અવશ્ય લેવો, તેમજ તેમને અવારનવાર જાહેરમાં બિરદાવવા. કોઇ વાલીએ સામાજિક ઉત્કૃષ્ટ કામ કર્યું હોય તો તેની જાણ શાળાના તમામ વાલીને થાય તેવા પ્રયત્નો કરવા. જેની નોંધ અન્ય વાલી લેશે અને તેમને પ્રેરણા મળશે.

ટૂંકમાં, આજના બાળકમાં સામાજિકતા ઘટતી જાય છે જે ચિંતાનો વિષય છે. જે માટે શાળા-શિક્ષક, વાલી અને સમાજે જાગૃત બનીને પ્રયત્નો કરવા પડશે. ઘર કે શાળા કે સમાજમાં એવાં કાર્યો અને વિચારોનો પ્રસાર થવો જોઇએ કે જેમાંથી બાળક પ્રેરણા લઇને સામાજિક બને. આજે તો એવાં કેટલાંય ઘર જોવા મળે છે કે જ્યાં વાલી નોકરીધંધે ગયા હોય ત્યારે બાળકને ઘરમાં લોક મારીને પૂરીને જાય છે. આવું બાળક કેવી રીતે સામાજિક બની શકે ? એવાં પણ અનેક કુટુંબો છે જ્યાં બાળકને ઘર બહાર નીકળવાની પરવાનગી ભાગ્યે જ મળતી હોય છે. આવા બાળકને સામાજિકતા એટલે શું તેનો ખ્યાલ ક્યાંથી હોય?